ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૯.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં શહીદોને અંજલીનો અવિરત પ્રવાહ



ગાંધીનગર, તા.૧૭

જમ્મુ-કાશમીના પુલવામાં થયેલા આંતકવાદી હુમલામાં સીઆરપીએફના ૪૪ જવાનો શહીદ થયા છે. આ આંતકવાદી હુમલાથી સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. શહીદ થયેલા જવાનો પ્રત્યે આત્મીયતાની લાગણી વ્યકત કરવાની સાથે ગાંધીનગર શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા કેન્ડલ માર્ચ યોજીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે. નગરના વેપારીઓ ખુદ વેપાર-ધંધા એક દિવસીય બંધ રાખીને શોકની લાગણી વ્યકત કરી રહ્યા છે. આ ઉપરાંત ઘણી સંસ્થાઓ, કર્મચારીઓ, વેપારીઓ, નાગરીકો પોતાની એક દિવસ થી લઈને એક માસની કમાણી ફંડ સ્વરુપે જમા કરાવી રહ્યા છે. ત્યારે વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

● સેલ્યુટર તિરંગા દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી

શનિવારના રોજ સાંજે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં સરદાર પટેલની પ્રતિમા પાસે સેલ્યુટ તિરંગા દ્વારા જમ્મુ કાશમીરના પુલવામાં થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તિરંગા સેલ્યુટના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મુકેશ શ્રીમાળી, મહિલા શાખાના અધ્યક્ષ શિલ્પા દેસાઈ, યુવા પાંખના અધ્યક્ષ મનોજ સોની, ભરત દેસાઈ, ગાં.જિ.પ્રમુખ વિણાબા ઝાલા, દેવાંશી ઠાકર, સીઆરપીએફના મહિલા વિંગના જવાનો તેમજ સીએમ ઓફિસના પીઆરઓ હિતેશભાઈ પંડયા તેમજ આશાબેન પંડ્યા સહિત ગાંધીનગર બીજેપી મહિલા પ્રમુખ મણીબેન દેસાઈ એ દેશભકિતના ગીતો ગાતા ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની બની હતી.

● કોલવડામાં શ્રધ્ધાંજલિ સભા યોજાઈ

સરહદ ઉપર રાત-દિવસ જાગી આપણી સુરક્ષા કરતા કરતા શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવા માટે ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલવડા ગામના સૌ ગ્રામજનો સાંજના સુમારે લાલ ગ્રીન પાર્ટી પ્લોટ ખાતે એકઠા થઈને શહીદ વીર જવાનોને શ્રધ્ધાંજલિ અર્પી હતી. શહીદો અમર રહો અને ભારત માતા કી જય ના નારાથી સમગ્ર ગામ ગુંજી ઉઠ્યું હતું.

● શહેરની તમામ સંસ્થાઓ દ્વારા શ્રધ્ધાંજલિ સભા યોજાઈ

સરહદ પર આપણી સુરક્ષામાં રાત-દિવસ તૈનાત રહેતા જવાનો પર આંતકી હુમલો થતા દેશના ૪૪ વીર જવાનો પુલવામાં શહીદ થયા છે. જેને પગલે ગાંધીનગર શહેરના નાગરીકોમાં ભારે રોષ ફેલાયો છે. આ પ્રસંગે શહેરના હજ્જારો નાગરીકો, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ તેમજ સભ્યો, શહેરની વિવિધ સંસ્થાઓ, બાલકનજી બારી, સહિતની સંસ્થા જોડાઈ હતી અને શહીદ થયેલો વીર જવાનો માટે પ્રાર્થના કરી હતી અને કેન્ડલ માર્ચ યોજી હતી અને સહાય માટે તત્પરતા દર્શાવી હતી. આ પ્રસંગે નીલેશ રાજગોર, જીતુભાઈ ગ્રીન બ્રિગેડ, યશવંત ગોહીલ, આનંદ મિશ્રા, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, ભરત કવી, રેવાભાઈ પરમાર, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢા, ભાનુભાઈ દવે સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

● એની એજયુકેશન ચેરીટેબલ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ

ગાંધીનગરના સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે આજે સવારે એની એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પુલવામાના શહીદ જવાનોને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, હાસ્ય કલાકાર ધનસુપ રાદડિયા, પીઢ ચરિત્ર અત્રિનેતા હસમુખ મેકવાન, સે-૧૬ પ્રાથમિક શાળાના આચાર્ય અરૂણ પટેલ સહિત યુવા કાર્યકરો અશ્વિન સુહાન, અનિલ પરમાર, ભરત પ્રજાપતિ, વિજયસિંહ માજીરાણા, યોગેશ્વરસિંહ ચાવડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

● જિલ્લા હોમિયોપેથીક એસોસિએશનની શહીદોને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર જિલ્લા હોમિયોપથીક એસોસીએશન દ્વારા આજે સવારે ૭ કલાકે ઘ-૪ સર્કલ નજીક સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમા પાસે પુલવામાના શહીદ વીર જવાનોને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બે મિનિટનું મૌન પાળ્યા બાદ તમામ તબીબોએ ભગવત ગીતાના ૧૫મા અધ્યાયનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના હોમિયોપેથીક તબીબો મોટી સંખ્યામાં સફેદ વસ્ત્રોમાં ઉપસ્થિત રહ્યા હતા તેવું એસોસિએશનના પ્રમુખ ડૉ. વિજય જોગીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

● ઝુંડાલ ખાતે કેન્ડલ માર્ચ થકી શહીદોને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ખાતેના ધારાશાસ્ત્રી જય મહેતાના રામકૃપા ફાઉન્ડેશન દ્વારા આજે પુલવામાના શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કેન્ડલ માર્ચ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં ઝુંડાલ ગામના જાગૃત નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને દેશને જગાડી ભારતમાતાના ખોળે ચીર નિંદ્રામાં પોઢી ગયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપવા સાથે તેમના મા-બાપને પણ મનોમન વંદન કર્યા હતા.

● વરઘોડિયાએ આપી શહીદોને શ્રધ્ધાંજલિ

આજે ગાંધીનગરના સેકટર-૧૬માં સમસ્ત બ્રહ્મસમાજ ખાતે નિશિત આચાર્ય અને સપના ગોપાલભાઈના શુભ લગ્ન યોજાયા હતા. લગ્નવિધિ બાદ જયારે વરઘોડિયા જાન સાથે બહાર આવ્યા ત્યારે નજીકમાં વિદ્યા લાયબ્રેરી ખાતે પુલવામાના વીર શહીદોને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે જઈ નવ વરવધુ જાન સહિત કાર્યક્રમમાં પહોંચી ગયા હતા અને હાથમાં મીણબત્તી પકડી વીરગતિ પામેલા શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી. તેમના આ પગલાંની ઉપસ્થિત તમામ નાગરિકોએ પ્રસંશા કરી હતી.

● જમ્મુ શ્રીનગર હાઈવેના પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા આતંકી હુમલામાં ચાલીસ વીર જવાનો શહીદ થઈ ગયા જેનો દેશભરમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ શહીદો પ્રત્યે પોતાની લાગણીઓ વ્યક્ત થઈ રહી છે. જેમાં દેશના ખૂણે ખૂણે લોકો રેલી, કેન્ડલ માર્ચ તથા શોકસભાઓ કરી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરના સરગાસણની શ્રી શરણમ્ સોસાયટીના રહીશોએ ફાળો કરી માર્ગ વચ્ચેના ડીવાઈડર પર ૪૨ જેટલા વૃક્ષોની રોપણી કરી ૪૨ શહીદ વીર જવાનોને નામ આ વૃક્ષો અર્પણ કરી તેના ઉછેરની જવાબદારી રાખી શહીદોની સ્મૃતિ કાયમ રહે તેવી ભાવના સાથે હદયના ઊંડાણથી શ્રધ્ધાંજલિ અર્પી હતી અને તેમના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. સોસાયટીની આ પ્રકારની પ્રવૃત્તિ દેશપ્રેમનું અનોખું ઉદાહરણ બન્યું છે.

● રાયસણ પ્લોટ નં. ૨૫૨ પંડિત દિન દયાલનગર ખાતે વસાહતીઓ દ્વારા વીર જવાન શહીદોને શ્રધ્ધાંજલિ આપવા માટે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં વસાહતી હાજર રહ્યા હતા. વસાહતીઓએ આતંકવાદ વિરુધ્ધ સુત્રોચ્ચાર કરી આક્રોશ ઠાલવીને રેલી કાઢીને વીર જવાન શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

● સેકટર – ૨૩, સ્વામિનારાયણ મંદિરમાં વીર શહીદોને શ્રધાંજલિ સમર્પણ સભા

દેશની સુરક્ષા માટે જેઓએ જીંદગી કુરબાન કરી છે. પોતાનું વતન, ગામ, ગરાસ પરિવારને છોડીને સુખ – સાનુકુળતાઓ, સગવડોનો ત્યાગ કરીને સરહદે રહી, મા ભારતના ભૌમની રક્ષા કરી છે. આ શહીદ સૈનિકોએ પોતાના જીવન સામે નથી જોયું, આ દેશની સામે જોયું છે. એવા આ જવાનોની કુરબાનીને શત્ શત્ વંદન છે.

તાજેતરમાં તા.૧૪-૨-૨૦૧૯ના રોજ કાશ્મીરના પુલવામામાં થયેલ હુમલામાં જે જવાનો શહીદ થયા છે. તેમને ભાવ સાથે શ્રધાંજલિ આપવા માટે પૂ.ગુરૂજી શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી તથા સે-૨૩, સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ દ્વારા એકાદશીની સભામાં ધૂન કરીને, બે મિનીટ મૌન પાળી પરમાત્માને પ્રાર્થના સાથે વીર શહીદોને શ્રધાંજલિ અર્પવામાં આવી હતી.

● શિવરંજની દ્વારા તા. ૧૬મી ફેબ્રઆરીએ વસંતના વધામણા કાર્યક્રમની શરૂઆત શિવરંજનીના તમામ ઉપસ્થિત સભ્યો દ્વારા સીઆરપીએફના શહીદોને ૨ મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપીને કરવામાં આવી હતી.

# મારા દિકરાએ ચાર કલાક યુધ્ધ કર્યું હતું....!!!

## ગાંધીનગર જિલ્લાના માણસા પાસેના પાલડી વ્યાસ ગામના બહાદુર સીઆરપીએફ જવાન દિલીપસિંહ ચાવડા દસ વર્ષ પૂર્વે નકસલી ત્રાસવાદીઓ સામે લડતા શહીદ થયા હતા : શહીદી સમયે અઢી વર્ષનો તેમનો પુત્ર આજે બાર વર્ષનો થયો છે અને પિતાના સ્મારકને નમન કરતા ગૌરવ અનુભવે છે




ગાંધીનગર, તા.૧૭

ધરતી પરનું સ્વર્ગ કહેવાતું કાશ્મીર આતંકવાદના ખપ્પરમાં હોમાઈને નર્કાગાર બની રહ્યું છે. પુલવામાં જિલ્લાના અવંતિપુર પાસે ૧૪મી ફેબ્રુઆરીએ થયેલા આત્મઘાતી ત્રાસવાદી હુમલામાં ભારતના અર્ધ સુરક્ષા દળ કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સ એટલે કે સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થવાની ઘટનાએ સમગ્ર રાષ્ટ્રમાં ફરી એકવાર અરેરાટી સાથે શોક મિશ્રિત આક્રોશની જવાળાઓ ફેલાવી છે. આજે વિશ્વભરમાં આતંકવાદ એક મોટી સમસ્યા બની ચુકયો છે. અનેક રાષ્ટ્રો આતંકની જવાળામાં લપેટાયેલા છે જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ભારતમાં જમ્મુ-કાશ્મીર ઉપરાંત દેશના અન્ય રાજયોમાં પણ વિવિધ સ્વરૂપે ત્રાસવાદી પ્રવૃત્તિઓ તેમના કુકર્મો આચરી દેશની અખંડિતતાને તોડવા પ્રયાસ કરી રહી છે. પરંતુ ધન્ય છે આ રાષ્ટ્રના વીર બહાદુર જવાનોને જેઓ પોતાના પરિવાર કે જાનની પરવા કર્યા વગર આતંકવાદનો મુકાબલો કરી આપણા જેવા નાગરિકોને એક સુખદ જીંદગી જીવવાનો અવસર પુરો પાડી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ માણસા પાસેના પાલડી વ્યાસ ગામના દિલીપસિંહ ચાવડા નામના સીઆરપીએફના વીર જવાને આજથી દસ વર્ષ પૂર્વે ઝારખંડમાં માઓવાદી નકસલી ત્રાસવાદીઓ સામે લડતા લડતા શહીદી વ્હોરી હતી જેમનું ગામમાં સ્મારક પણ બનાવાયું છે અને તેનું તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનાવરણ કર્યું હતું.

ગાંધીનગર જિલ્લાના માણસા પાસે આવેલી પાલડી વ્યાસ ગામના યુવાન દિલીપસિંહ ચાવડા ૭મી જુલાઈ ૨૦૦૧માં સીઆરપીએફમાં સિપાઈ તરીકે જોડાયા હતા. પિલવાઈ ખાતેની કોલેજમાં આર્ટસ ફેકલ્ટીમાં સ્નાતકનો અભ્યાસ કરી ચુકેલા દિલીપસિંહ તેમના પિતા કિશોરસિંહ અને માતા હંસાબાના બે દિકરા અને એક દિકરી એમ ત્રણ સંતાનોમાં સૌથી નાના હતા. ભણવામાં હોંશિયાર એવા દિલીપસિંહ તેમના ગામમાં પણ દરેક પ્રકારની પ્રવૃત્તિમાં અગ્રેસર રહેતા હતા અને તેના કારણે તેમનું મિત્ર વર્તુળ પણ મોટું હતું. તેઓ સીઆરપીએફમાં જોડાયા તેના પછી તેમના ચેતનાબા સાથે લગ્ન થયા હતા અને વિશ્વરાજસિંહ નામે એક સુંદર પુત્રના પિતા પણ બન્યા હતા. દિલીપસિંહની તાલીમ જમ્મુ-કાશ્મીર ખાતે જ થઈ હતી અને તેમને પહેલું પોસ્ટીંગ પણ શ્રીનગરમાં મળ્યું હતું. આ પછી તેમણે આસામના ગોવાહાટી, ત્રિપુરા, બિહાર અને ઝારખંડમાં પણ ફરજ બજાવી હતી. આઠ વર્ષ સુધી તેમને પરિવારથી દૂર રહેવું પડયું હતું તેથી તેમણે ગુજરાતમાં પોસ્ટીંગ મળે તે માટે અરજી કરી હતી જેને મંજૂર પણ કરવામાં આવી હતી અને તા. ૧૩મી એપ્રિલ ૨૦૦૯ના રોજ લેખિત ઓર્ડર પણ મળવાનો હતો જેમાં તેમની ગાંધીનગર ગૃપ કેન્દ્ર ખાતે બદલી થવાની હતી.





દિલીપસિંહ તેમનો ઓર્ડર મળે તેના બે દિવસ જ પૂર્વે ઝારખંડના ખુંટી જિલ્લામાં જસ્કા ગામે યોજાનાર સોનિયા ગાંધીની જાહેરસભાના બંદોબસ્ત માટે મુકવામાં આવ્યા જયાં ત્રાસવાદી હુમલો થવાની પ્રાપ્ત થયેલ બાતમીને આધારે સભાની આગલી રાત્રે જ જોસાબાના જંગલોમાં સર્ચ ઓપરેશન માટેની ટીમમાં મોકવામાં આવ્યા હતા. આ જંગલમાં છુપાયેલા માઓવાદી નકસલી ત્રાસવાદીઓ સાથે તેમની મુઠભેડ થવા પામી હતી જે અંદાજે ચાર કલાક સુધી ચાલી હતી. આ અથડામણમાં દિલીપસિંહ સહિત પાંચ જવાનો સૌથી આગળ રહી ત્રાસવાદીઓને હંફાવી રહ્યા હતા આ સમયે ત્રાસવાદીની એક ગોળી દિલીપસિંહના માથાને વીંધી તેમના સપના ચકનાચુર કરતી આરપાર નીકળી ગઈ હતી આ પછી તેમને બે ગોળી પેટમાં, બે હાથે એક પગે એમ મળીને કુલ સાત ગોળીઓ વાગતા તેઓ ત્યાં જ ઢળી પડયા હતા. તા. ૧૧મી એપ્રિલ ૨૦૦૯નો એ દિવસ હતો જયારે તેઓ શહીદ થયા. આ સમયે તેમનો પુત્ર વિશ્વરાજસિંહ જે માત્ર અઢી વર્ષનો હતો જે પોતાના પિતાના ઘરે આવવાની રાહ જોઈ રહ્યો હતો પરંતુ પિતા આવ્યા હતા તિરંગામાં લપેટાઈને. સ્વ. શહીદ દિલીપસિંહની સ્મશાનયાત્રામાં ગાંધીનગરના આગેવાનો સહિત સમગ્ર જિલ્લામાંથી માનવ મહેરામણ ઉમટી પડયું હતું. આ પછી સરકાર દ્વારા પાલડી વ્યાસ ગ્રામ પંચાયત આગળ તેમનું સ્મારક બનાવાયું અને તેમની પ્રતિમાનું અનાવરણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરવા સાથે ગામની પ્રાથમિક શાળાને દિલીપસિંહનું નામ પણ આપ્યું હતું.

આજે દિલીપસિંહના પિતા કિશોરસિંહ ૬૯ વર્ષની ઉંમરે ખેતીકામ કરે છે અને મોટાભાઈ સમીરસિંહ ખાનગી કંપનીમાં ડ્રાઈવરની નોકરી કરે છે. દિલીપસિંહના પત્નિ ચેતનાબા હાલ સાતમા ધોરણમાં અભ્યાસ કરતા પુત્ર વિશ્વરાજસિંહના ઉછેરમાં ધ્યાન આપી રહ્યાં છે. દિલીપસિંહના પિતા કિશોરસિંહે જણાવ્યુ કે "મારા દિકરાની ઈચ્છા હતી કે જ્યાં અમારૂ ખેતર છે ત્યાં પાક્કું મકાન બનાવીએ તેથી તેની હાજરીમાં પાયા પણ પુરાવ્યાં હતા પરંતુ તે શહીદ થતા મકાન અધુરૂ રહ્યું હતું જે અમે પછી પાંચ વર્ષે પુરૂ કરી શક્યાં પરંતુ હજુ તેમાં વિજળીની લાઈન પણ આવી શકી નથી.'' જોકે કિશોરસિંહને એ વાતનો ગર્વ છે કે તેમનો દિકરો દેશ માટે શહીદ થયો છે એ તેઓ ગૌરવભેર વાત કરતા કહે છે કે "મારા દિકરાએ ચાર કલાક યુદ્ધ કર્યુ હતુ'' ખરેખર ધન્ય છે આવા મા-બાપને જેઓ પોતાના વ્હાલસોયા સંતાનોને ગુમાવીને પણ તેમાં ગૌરવ અનુભવે છે. કોટિ કોટિ વંદન છે શહીદોને જેમણે પોતાનું લોહી રેડી આ રાષ્ટ્રને સુરક્ષા બક્ષી છે. જ્યાં સુધી આવા જવાનો દેશમાં છે, વિશ્વની કોઈ તાકાત ભારતને તોડી શકે તેમ નથી.

પ્રતિભાવો આવકાર્ય :
Samirtabd@yahoo.com